# જરૂરિયાતમંદો માટે પાળકો સહાયકોને નીમે છે.

**ખ્રિસ્તી મંડળીમાં બે પ્રકારના સેવકો હોય છે.  વડીલો અને સહાયકો દા.ત. સ્તેફન અને ફેબી.**

બાળકોમાં સેવા કરનારનો D1b અભ્યાસ વાંચવો.

**પ્રાર્થના :** પ્રભુ ઈસુ, તમારા શરીરમાં સહાયકો પૂરા પાડો અને તેમને નીમવા માટે સહાય કરો તથા જરૂરિયાતમંદોની સેવા કરવાનું તેમને પ્રોત્સાહન આપો.

૧. **ઈશ્વરના વચન દ્વારા સહાયકોની નિમણૂંક કરો તથા પ્રોત્સાહન આપો.**

**પ્રેકૃ ૬:૧થી ૬માંથી શોધો** (કૌંસમાં જવાબો છે)

- વડીલોના મુખ્ય કામો તથા સહાયકોના મુખ્ય કામો
  (વડીલો વચનની સેવા કરે જ્યારે સહાયકો તેમની વ્યવહારિક જરૂરિયાતોની કાળજી લે.)
- વિશ્વાસી કેવી રીતે સહાયક તરીકે નીમવામાં આવે છે ?
  (મંડળી તેમને પસંદ કરે છે આગેવાનો તેમના માથે હાથ મૂકે છે )

**રૂમી ૧૬ :૧-૨માંથી શોધી** કાઢો કે સહાયકો માટે પ્રેરિતોના વિચાર શા હતાં.?

- શું કોઈ સ્ત્રી સહાયક બની શકે ? (કલમ ૧)
- ફેબીની શાખ કેવા પ્રકારની હતી ? (કલમ ૨)

**ફીલીપી ૧ :૧-૨માંથી શોધો**

- ફીલીપી ની મંડળીમાં બે પ્રકારના કાર્યકરો
  (વડીલો તથા સહાયકો)

**૧ તીમોથી ૩ : ૮-૧૩ માંથી શોધી કાઢો**

- સહાયકોની પસંદગીમાં કેટલીક યોગ્યતાઓ (કલમ ૮-૧૧)
- સહાયક તરીકે કામ કરવાના કેટલાક પ્રતિફળો (કલમ ૧૨-૧૩)

**૧ પીતર ૪ :૮-૧૧માંથી શોધી કાઢો**

- આત્મિક દાનોના બે વર્ગ (બોલવું અને સેવા કરવી)
- સહાયકો ઈસુની કઈ આજ્ઞાનું પાલન કરે છે ? (પ્રેમ)
- સહાયક તરીકે સેવા કરનારને ઈશ્વર શું આપે છે ? (કૃપા તથા સામર્થ્ય)

૨. **તમારા સહકર્મીઓ સાથે આયોજન કરીને સહાયકો નીમો અને તેમને પ્રોત્સાહન આપો.**

તમારા સાક્ષીઓ સાથે **પ્રાર્થના કરો** કે પ્રભુ એવા સહાયકો ઊભા કરે જેઓ પ્રભુનું સામર્થ્ય પ્રાપ્ત કરીને જરૂરિયાતવાળાઓની મદદ કરે.

વિશ્વાસીઓ તથા સમાજની જરૂરીયાતોનો **ક્યાસ કાઢો** જેથી તમારી મંડળી તે પૂરી કરી શકે.

જો કોઈ વિશ્વાસીઓની ફરિયાદ હોય તો તેમની સમસ્યાના સમાધાન માટેતેની સાથે વાત કરો અને નક્કી કરો **કોણ તેમની મદદ કરશે.**

તમે બધા મંડળી માટે જે વ્યવહારિક કાર્યો કરો છો તેની વાત કરો જેમ કે તમે અને તમારા સાથીઓ **એટલા બધા વ્યસ્ત છો** તકે તમે બાઈબલ શીખવી શકતા નથી કે પ્રાર્થના કરતા નથી કે મંડળીની વૃદ્ધિ માટે આયોજન કરી શકતા નથી.

જેમની પાસે અન્યોને મદદ કરવા માટે ધીરજ તથા તાલંતો છે તેવા વિશ્વાસીઓ વિષે ચર્ચા કરો પછી તેમના નામ સહિત તેમના માટે પ્રાર્થના કરો.

એવા વિશ્વાસીઓનો **સંપર્ક કરો** અને વિશ્વાસીઓ તથા સમાજની વાસ્તવિક જરૂરિયાતો વિષે તેમના દર્શનની ચર્ચા કરો.

સાવધાન રહો : તમારા બાગમાં કે વ્યવસાયમાં લોકો પાસેથી નાણાં ચૂકવ્યા વિના કેવી રીતે કામ લેવું તેની યોજના કરશો નહિ.

૩. **આગામી ભજનસેવા માટે સાથીઓ સાથે આયોજન કરો.**

**પ્રેકૃ. ૬ :૧-૬માં** જે પ્રારંભિક સહાયકો છે તેમની વાર્તા વાંચો કે કહો.

બાળકો તેમણે તૈયાર કરેલ પ્રશ્નો કે નાટકની રજુઆત કરો.

ભાગ - ૧માં દર્શાવેલ વાતોમાંથી જરૂરિયાતમંદોની સેવા કરનાર સહાયકો વિષે નવો કરાર શું શીખવે છે તેની વિશ્વાસીઓ સાથે **સમીક્ષા કરો.**

**પ્રે.કૃ ૯ :૩૬-૪૨માં** આવેલી દરકાસની વાર્તા વાંચો કે કહો જેઓ જરૂરિયાતમંદોની સેવા કરવા ચાહે છે તેમના દ્વારા પ્રભુને તેના લોકની સેવા કરવાનું કેટલું ગમે છે તે વિષે કહો.

અન્ય વિશ્વાસીઓએ તેમની કેવી સેવા કરી તે વિષે **સાક્ષી આપવા વિશ્વાસીઓને કહો.**

જો કોઈ વિશ્વાસીએ સહાયક તરીકે સેવા આપવાનું સ્વીકાર્યું હોય તો તેમને અને વડીલો મળીને ભજનસેવા દરમ્યાન તેમના માથા પર હાથ મૂકીને પ્રાર્થના કરો.

**પ્રભુભોજન** માટે માર્ક ૧૦ :૪૩-૪૫ વાંચો

માર્ક ૧૦ :૪૫ સાથે મળીને **મોઢે કરો.**

બે - બે કે ત્રણ - ત્રણનો **જૂથો રચો.** તેઓ એકબીજાને માટે પ્રાર્થના કરે, આયોજન પૂર્ણ કરો અને પરસ્પર પ્રોત્સાહન આપો.

Copyright @ 2004 Paul - Timothy May be freely copied.
Download from www.paul-timothy.net